


**January2023 | Issue No. 38 | A monthly newsletter**

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

PRABHAT
EDUCATION FOUNDATION

## અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે. સંસ્થા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અને પુખ્તવયના લોકોના માનસિક અને શારીરિક પડકારોમાં મદદ કરે છે. સંસ્થા ૩ પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે. - પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ

પ્રભાત એક બાળક સાથે પહેલા કામ શરુ કર્યું હતું અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પાડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.



**'દિલ સે કાફે ' માટે આપને દિલથી ભાવભર્યું આંમત્રણ**

# નાના નાના પગલાઓની મોટી સિદ્ધિ !








## અલીની ' ઉડાન'

સમયસર નિદાન, સારવારની સાથે જયારે મહેનત કરવાની મક્કમતા હોય ત્યારે ચોક્કસ પરિણામ મેળવી શકાય છે. એવું જ બેરલ માર્કેટ - ડેહલુ માં આવતા અલી નો અનુભવ રહ્યો . હાલ ત્રણ વર્ષનો અલી છે. એક વર્ષ પહેલા એની મમ્મી એને તેડીને લઇ આવેલ. કહ્યું કે, "મેરા બચ્ચા ખુદ સે ચલતા હો જાયે બસ હૈ.. ". અને એમ કહી એડમીશન લીધું. એની સાથે વાત કરતા અને નિરક્ષણ કરતા લાગ્યું કે, તેને સ્પીચ નો પ્રોબ્લેમ, વિઝન પ્રોબ્લેમ, ચાલી શકતો નથી. અને તે એમ. આર. છે. એ દરેક બાબતોને ધ્યાનમાં રાખીને ગોલ નક્કી કરવામાં આવ્યું. અને તેની દૈનિક એક્ટીવીટી તે પ્રમાણે કરવાની શરુ કરી.

શરૂઆતની વાત કરીએ તો, એના મમ્મી ઘરનું બધું જ કામને પતાવી સેન્ટર પર અલીને લઇ આવે. આખો દિવસ એની સાથે જ બેસી રહે. કારણ કે, અલી 5 મિનીટ પણ કોઈ એક પ્રવૃત્તિ માટે બેસી ન શકે, ખુબ જીદ્દી , વસ્તુઓ આમ તેમ ફેંક્યા કરે.તેના મમ્મી વગર તો એ ન જ બેસે. એના મમ્મીનો સમય વધારે અલી સાથે જ હોય. અને સાથે નાની દીકરી ને પણલઇ આવે. નિયમિત એના મમ્મી ' ડેહલુ ' પર હાજર હોય. ફીઝીયો થેરાપી નો એક દિવસ પણ ચુકાઈ ન જાય એ ખાસ જુએ.

અલી માટે જે 'ગોલ ' નક્કી કરવામાં આવેલ હતું તે સર્વાંગી હતો. માત્ર ચાલવા માટે નહિ પણ સાથે તેની સ્પીચ, તે એક જગ્યાએ સ્થિર રહીને બેસી શકે ,એકેડમિક બધું જ સમાન રીતે ચાલતું હતું.

એક વર્ષના અંતે આજે અલી ' ડેહલુ ' પર ચાલતો આવે છે. એના મમ્મી મુકીને જાય અને આખો દિવસ તે એના વગર દરેક પ્રવૃત્તિ કરી શકે છે. હા.. તે હવે 10 મિનીટ થી પણ વધારે પ્રવૃત્તિ માટે શાંત બેસી શકે છે અને જ્યાં એની મમ્મી ની ખાસ જરૂર પડતી હતી, જમાડવામાં .. હવે તે જાતે જમી શકે છે. આ બધું જ એના ગોલ પ્રમાણે વિકાસ થઇ રહ્યો છે.

એના મમ્મી હવે ખુબ ખુશ છે. તે હવે નવરાશનાં એ સમયમાં મહેંદી શીખવા માટે જાય છે જેથી તે પોતાની આ સ્કીલ ને એક પૈસા કમાવવા માટે તે ઉપ્યોગ્ય કરી શકે આમ, અલી માટે એની મમ્મી એ જે વિચાર્યું તે પૂર્ણ થયું હવે ફરી નવા સપનાઓ અને આશા સાથે દરરોજ ' અલી' ને 'ડેહલુ મુકે છે.

અલી ની વિકાસની ગતિ અપેક્ષિત સમયમાં મળી રહી તેનો આનંદ એના પરિવાર અને પ્રભાત બંને ને છે. અલી આમ જ ' ઉડાન' ભરતો રહે એવી આશા સાથે.

**તૈયાર કરનાર : સબીના – બેરલ માર્કેટ ' ડેહલુ'**

થોડા સમય પહેલા પ્રભાત નાં પરિવારનો ભાગ બન્યા છે. અને પોતાના અનુભવને અહી રજુ કરેલ છે.

# મંથલી અપડેટ

**એક નવી શરૂઆત :** સમાજની મુખ્ય ધારાની શાળામાં ' સ્પેશીયલ બાળકો ' માટે વર્ગ ચાલે એ સમાવેશી દ્રષ્ટિકોણ ને અમલમાં મુકાય એવી રણનીતિ સાથે પ્રભાત હમેશા કાર્ય કરે છે. કાંકરિયા શાળા નંબર 8 સરકારી શાળા સાથેના મજૂબત જોડાણને પરિણામે પ્રભાત ને ફરી આ અવસર પ્રાપ્ત થતા 'સ્પેશીયલ 'બાળકો ' માટે રિસોર્સ સેન્ટર ઉભું કરી શક્યું છે. જેમાં એકેડમિક લર્નિંગ ની સાથે ફિઝીયોથેરાપી ની સેવા પણ પ્રાપ્ત છે. હાલ આ સેન્ટર માં 18 જેટલા બાળકોનું એડમીશન થયું છે. આ મહીને દરરોજ ની પ્રવૃત્તિ ઉપરાંત ઉત્તરાયણ અને પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

**સ્પીચ એસેસમેન્ટ :**બાળકોના સાઈકોલોજીસ્ટ એસેસમેન્ટ કરવામાં આવેલ. એ રીતે જ આ મહીને સ્પીચ ને લઈને એસેસમેન્ટ કરવામાં આવ્યું. જેમાં કિલ્લોલ ભાઈ અને અંજલી બહેન જોશી દ્વારા 39 બાળકોનું સ્પીચ એસેસમેન્ટ કાંકરિયા શાળા નંબર 8 અને બેરલ માર્કેટ કરવામાં આવ્યું.

**વિપ્રો ફાઉન્ડેશન વિઝીટ :** 'સ્પેશીયલ બાળકો' મુખ્ય ધારાની શાળા સુધીની પહોંચ વધે, સ્વીકૃતિ પ્રાપ્ત થાય તે ઉદેશ્ય સાથે પ્રભાત વિવિધ રણનીતિનાં માધ્યમ થી શાળા સાથે કાર્ય કરી રહ્યું છે. એના અનુભવ ને સમજવા અને જાણવા માટે વિપ્રો ની ટીમ દ્વારા મુલાકાત કરવામાં આવી. જેમાં સરકારી શાળા માં ચાલતા પ્રભાત સંચાલિત સેન્ટર, આંગણવાડી અને પ્રભાતના સેન્ટર પર વાલી, બાળકો અને ટીમ સાથે બેઠક થઇ જે ખુબ ઉપયોગી રહી. વિપ્રો દ્વારા કરવામાં આવેલ આ વિઝીટ નાં અનુભવ બંને પક્ષે એક મજબુત સમજ બનાવવા માટે માધ્યમ બની છે. પ્રભાત આ માટે વિપ્રો ટીમ અને જે વાલી , બાળકો અને શાળાના સંચાલકો નો દિલ થી આભાર માને છે.

**આંગણવાડી એડમીશન :**સંસ્થા દ્વારા ચાલતા વટવા અને બેરલ માર્કેટ રિસોર્સ સેન્ટરમાં એજ્યુકેશન માટે આવતા બાળકોમાંથી 0 થી 5 વર્ષના બાળકોની આંગણવાડીમાં નામ નોંધણી અને એડમીશનની પ્રક્રિયા કરવામાં આવી. જેમાં વટવાના 5 અને બેરલ માર્કેટ નાં 2 એમ કુલ્લ 7 બાળકોનો સમાવેશ થાય છે. આમાં 0 થી 3 વર્ષના બાળકોની નામ નોંધણી અને 3 થી 5 વર્ષના બાળકોનું એડમીશન કરાવવામાં આવ્યું.

**આભાર વ્યક્ત કરવાનો એક અવસર:** ચિરાગ શાળામાં પ્રભાતને જગ્યા મળી અને 'ડેહલુ' ની શરૂઆત કરવામાં આવી. એમની સાથેના સાથેના અનુભવને જયારે માત્ર એક લાઇનમાં કહેવું હોય તો, જેમ દુધમાં સાકરનું મિશ્રણ થાય એવું કૈક અહી બન્યું. સહજતાથી બંને શાળામાં એકબીજાનાં વિચારોનું આદાન પ્રદાન થવા લાગ્યું. જે મુખ્ય ધારાની શાળામાં જયારે 'સ્પેશીયલ બાળક'નાં સંદર્ભમાં સંવેદનશીલતા આવે અને તે વ્યવહારમાં દેખાય એ ઉદેશ્યને અહી ચિરાગ શાળામાં પરિપૂર્ણ થઇ રહ્યું હતું તે અનુભવ થયો. અને તેથી જ આ પ્રક્રિયાને પ્રોત્સાહિત ચિરાગ સ્કુલ નાં શિક્ષકો સાથે એક બેઠક નું આયોજન કરવામાં આવ્યું. અને અનુભવ ને રજુ કરી થઇ રહેલ પ્રક્રિયા બાબતે આભાર વ્યક્ત કરવામાં આવ્યું. આ સફર આ જ રીતે ચાલે અને શાળાઓ આ સફરમાં જોડાય એવી આશા સાથે.

**સહાયક સેવાઓ :** વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/ વ્યક્તિઓ માટે સરકારી સહાય અને સેવાઓ જે મળે છે તેનું માર્ગદર્શન, સંકલન અને ફોલોઅપ દ્વારા જરૂરિયાતમંદ વ્યક્તિ સુધી પહોચાડવા કોમ્યુનીટી બેઝ રિહેબિલિટેશનની ટીમ દ્વારા આ મહીને 7 સિવિલ સર્ટીફીકેટ , રેલ્વે નાં ઓનલાઇન 6 પાસ, સ્ટેટ ટ્રાન્સપોર્ટ પાસ માટે 7 ઓનલાઇન ફોર્મ, પેન્શન યોજના માટે 4 ફોર્મ ભરી આપવામાં આવ્યા.

**વાલી મીટીંગ :** સમયાંતરે વાલીઓ સાથે સંવાદ કરવામાં આવે છે. જેથી એકબીજા સાથે 'ઘરોબો ' બન્યો રહે અને વિચારો, અનુભવોની આપ લે થઇ શકે. આ વાલી મીટીંગ માં વાલીના અનુભવો ને જાણવા ઉપરાંત એમને નવી જાણકારી સાથે વિષય નક્કી કરતા હોઈએ છીએ. વટવા સેન્ટર પર આ વખતે 50 વાલી સાથે ' સ્પેશીયલ બાળકો' ની પ્રગતિ માટે 8 પ્રકારની ટેકનીક જે ઘરે વાલી દ્વારા કરવામાં આવે તેનાં વિષે તેમને માહિતગાર કરવામાં આવ્યા હતા. જેથી જે સેન્ટર પર બાળક શીખે છે તેનો મહાવરો અને વ્યવહારિક જ્ઞાન એને ઘરે પણ મળતું રહે. જેમાં મ્યુઝીક, ડ્રોઈંગ, કલર વગેરે ટેકનીક હતી. વાલી માટે પણ આ એક મીટીંગ રસપ્રદ બની સાથે તેઓ વિવિધ પ્રવૃતિઓ કરતા જાણે ' બાળક ' બની ગયા હતા. આ પ્રક્રિયા થી બાળક અને વાલી સાથે એક મજબુત જોડાણ પણ ચોક્કસ થશે.

**એડવોકસી નેટવર્કિંગ :** નેટવર્કીંગ એ પ્રભાત નું એક મોટું ઇન્ટરવેન્શન છે જેના માધ્યમથી સમુદાય અને સરકાર તથા સંગઠનોની જોડાણ કરી સમાજમાં 'સ્પેશીયલ બાળકો ' માટે સમાવેશી વાતાવરણ અને તકો ઉભી થાય એ હિમાયત પ્રભાત કરતુ હોય છે. આ જ ઉદેશ્યથી અમદાવાદ યુનિવર્સીટીનાં વિધાર્થીઓ સાથે સ્પેશીયલ નીડ ધરવતા બાળકોનાં સંદર્ભ માં લેકચર આપવામાં આવ્યું હતું. આ કેશવ ભાઈ અને કાશ્મીરા બહેન દ્વારા માહિતી પૂરી પાડવામાં આવી હતી. તેમાં પ્રભાત નાં ઉદેશ્ય અને કાર્ય ની પણ વાત કરવામાં આવી.

**ઉજવણી: ઉતરાયણ** :ઉતરાયણ એટલે "આકાશમાં રંગોની જાણે રંગોળી." અદ્દભુત આ ઉત્સવ છે. પ્રભાતનાં બાળકોએ આ પતંગનાં તહેવારને ખુબ માણ્યો. ઉંચે ઉડવાની આશા સાથે, પોતાના સપનાઓને પુરા કરવાની આશા સાથે આ તહેવાર દરેક સેન્ટરમાં બાળકો સાથે ઉજવણી કરવામાં આવી. તેમને ફુગ્ગા આપવામાં આવ્યા અને તેમણે પોતાના હાથે એને આકાશમાં ઉડાડ્યા. આ ઉજવણી માં કંઇક ખાસ હતું, બેરલ માર્કેટમાં રોજમીના બીમાર હોવાથી 'ડેહલું' પર ન આવી તો પ્રભાત ટીમ તેના ઘરે ગઈ અને ત્યાં પણ ઉજવણી કરી. રોજમીના ખુશ થઇ ગઈ તેમને જોઇને. ટીમ ને લાગ્યું કે, ફ્રેકચર થવાને કારણે તે ન આવી શકી તો ઉજવણીનો આનંદ એનાથી દુર ન હોવો જોઈએ. આ લાગણી જ પ્રભાત ને હમેશા કામ કરવા માટેની ઉર્જા આપે છે.

**પ્રજાસત્તાક દિવસ :** ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ એ ભારત દેશના ઇતીહાસમાં ઘણો અગત્યનો દિવસ છે .આ દિવસે ભારત દેશનું બંધારણ અમલંમા આવ્યું હતું .આ બંધારણે જ આપણને સમાનતા, સ્વત્રંતા જેવા અધિકારો આપ્યા છે. દરેકને સમાન તક, સન્માન નું મુલ્ય ને જ ટકાવવા પ્રભાત કાર્ય કરી રહ્યું છે. જેની ઉજવણી તો ચોક્કસ બાળકો સાથે કરવી એ પ્રભાત માટે ગૌરવ ની લાગણી હોય. દરેક સેન્ટર પર બાળકો અને વાલી સાથે ઉજવણી કરવામાં આવી.

**મુલાકાત :ગુજરાત વિધાપીઠ :** વટવા સેન્ટર પર ગુજરાત વિધાપીઠનાં વિધાર્થીઓ દ્વારા પ્રભાત એજ્યુકેશન એક અભ્યાસનાં ભાગરૂપે મુલાકાત કરી હતી. જેનો વિષય હતો,'બૌદ્ધિક અક્ષમતા ધરાવતા બાળકોના કેર – ટેકરોની મન: સ્થિતિ અંગેનો એક અભ્યાસ". આ માટે સેન્ટર પર આવતા બાળકોના વાલી સાથે મુલાકાત કરી પ્રશ્નાવલી ભરવામાં આવી હતી. આ પ્રક્રિયા થી ચોક્કસ વિધાર્થીઓને એમના અભ્યાસમાં માટે માહિતી મળી રહી સાથે પ્રભાતને વાલી સાથે નાં અનુભવ અને વિચારો જાણવા મળ્યા. જે વધારે તેમની સાથે કાર્ય કરવામાં માર્ગદર્શન આપશે.

**રીવર સાઇડ શાળા**નાં વિધાર્થીઓ દ્વારા પ્રભાત સેન્ટરની મુલાકાત કરી. તેમણે બાળકો સાથે મ્યુઝીક ને લઇને એકટીવીટી કરવામાં આવી. સેન્ટર અને શાળા બંનેનાં બાળકોએ ખૂબ મજા કરી.

**નવા સ્વરૂપ સાથે 'દિલ સે કાફીકાફેની શરૂઆત :** કોઈ પણ જગ્યાને જયારે ફરી તૈયાર કરવામાં આવે છે ત્યારે તેમાં અગર મટીરીયલની સાથે લાગણીથી પણ બનાવાય તો ? એવું જ સમન્વય અહી જોવા મળ્યું. રીવર સાઇડ નાં ગ્રેડ 6 નાં વિધાર્થીઓ એ જ નિર્દોષ લાગણી ને કાફેટ એરિયાની ડીઝાઇન ને અમલમાં મૂકી છે. આ અદ્દભુત કાર્ય માટે વિધાર્થીઓ, શિક્ષકો તથા તેમના વાલીનો દિલ થી આભાર પ્રભાત ટીમ માને છે. આપને બાળકો અને ટીમ નો ઉત્સાહ વધારવા "દિલ સે કાફે" માટે દિલથી આમંત્રણ છે.

# ફોટો ગેલરી








**Prabhat Education Foundation**
A-4, Sujal apartment
Opp. Satellite bungalow
Ramdevnagar
Ahmedabad 380015

**Phone:** +91-79-4890-305
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org

PRABHAT EDUCATION FOUNDATION